# આંક–૧ લગત હુકમ.

રેકર્ડ ધ્યાને લેતા, આ કામના આરોપી વિરુધ્ધ નોંધાયેલ પોલીસ ફરીયાદના અનુસંધાને તપાસના અંતે હાલનું ચાર્જશીટ રજુ થવા પામેલ છે. ચાર્જશીટ રજુ થયા બાદ આ કામના આરોપીને સમન્સ/વોરન્ટો જારી કરતા મળી આવતા નથી આવતાના શેરો સાથે પરત ફરેલ છે. આ કામે આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાનું સ્વરુપ ધ્યાને લેતા સમન્સ ટ્રાયલ પ્રકારનો નજીવી સજાને પાત્ર ગુનાનો આરોપ છે. ફરીયાદપક્ષને આરોપી રજુ કરવા પુરતી અને વ્યાજબી તક પુરી પાડવા છતાં આરોપીને રજુ કરી શકેલ નથી. આ કામના આરોપી ટુંક સમયમાં મળી આવે તેવી કોઈ જ શકયતા જણાતી નથી. અને કેસ છેલ્લા ઘણા સમયથી પેન્ડીગ પડી રહેલ છે. તે સંજોગો તથા ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ: ૨૫૮ની જોગવાઈઓ ધ્યાને લતા આરોપી વિરુધ્ધની હાલની ઈન્સાફી કાર્યવાહી પડતી મુકી આરોપીને મુકત કરવા હુકમ કરવામાં આવે છે.

આ કામે આરોપી તરફે કોઈ રોકડ રકમ જામીનગીરી તરીકે જમા કરાવી હોય તો તે સરકાર ખાતે ખાલસા કરવી.

કોઈ મુદ્દામાલ હોય અને તે અંગે અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો આથી કાયમ કરવામાં આવે છે. અન્ય કોઈ બિનકીંમતી મુદ્દામાલ હોય તો સરકાર ખાતે ખાલસા કરી નિયમ મુજબ નાશ કરવો.

હુકમ આજ તારીખ, ૮ મી માહે સપ્ટેમ્બર સને ૨૦૧૮ના યોજાયેલ સ્પેશ્યલ સીટીંગમા ખુલ્લી અદાલતમા વાંચી સમજાવી જાહેર કર્યો.

તા.૮/૯/૧૮.

અમદાવાદ.

(આર. બી. સોલંકી)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૭, અમદાવાદ.
**(GJ01009)**